**My Amdavad**

IITGnના પ્રોફેસરે વિકસાવ્યું મેક ઇન ઇન્ડિયા પ્રોડક્ટ

# પરફ્યૂમની બોટલ સમાન સ્માર્ટ ફાયર એક્સટિંગ્વિસરથી મોટી હોનારત ટાળી શકાશે

ઘણીવાર બેદરકારીને કારણે મોટી હોનારત સર્જાય છે. થોડાક વર્ષો અગાઉ મહારાષ્ટ્રના પુલગાંવમાં આર્મી અમ્યુનેશન ડિપાર્ટમેન્ટમાં એકાએક આગ ફાટ નીકળતા ૧૭ જવાનો શહીદ થયાં હતાં ત્યારી આવી હોનારત ટાળવા આઈ.આઈ.ટી. ગાંધીનરના પ્રોફેસરે એરોસોલ બેઝ્ડ ફાયર એક્સટિંગ્વિસર બનાવેલ છે. જે ઓફિસ, ગોડાઉન, સ્કૂલ્સ, પ્લાન્ટ કાર ઈન્ડસ્ટ્રીઝની સાથે હાઈ એટિટ્યૂડમાં પણ કામ કરી શકે. આ ફાયર એક્સટિંગ્વિસરની વિશેષતાએ છે કે જ્યારે આગ લાગે ત્યારે એ સ્થળે કોઈ માણસ નહોય તો પણ એ એક્સટિંગ્વિસર આપો આપ ઓન થઈ આગ બુઝાવી પણ શકે છે જેના લીધે કોઈ પણ માણસો કે કિંમતી વસ્તુનું નુકસાન થતાં અટકી શકે છે.



## મેક ઈન ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા પ્રોડક્ટ બનાવી

પ્રાઇમમિનિસ્ટર મેક ઇન ઇન્ડિયાને જ્યારે પ્રોત્સાહન આપે છે ત્યારે આ ઇન્ડિજિનિયસ પ્રોડક્ટ એરોસોલ બેઝ્ડ ફાયર એક્સટિંગ્વિસર બનાવેલ છે. જેની બનાવટ મેટાલિક બોડીની છે તેમજ એમાં ઓક્સિડાઇઝર અને રિડ્યૂસિંગ એજન્ટ છે જે ડિફરન્ટ હાઇ ટેમ્પરેચરમાં રિએક્શન આપી એરોસોલ પાર્ટિકલ બનાવે છે. જ્યારે સેન્સર ટેમ્પરેચર સેન્સ કર્યા બાદ રિએક્શન આપે છે. હાલ આનું ટેસ્ટિંગ ચાલુ હોવાથી વિવિધ ટેમ્પરેચર પર તેની એફિશિયન્સી માપવામાં આવી રહી છે.

## એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી અને નોન ટોક્સિક છે

હું અમારો સાથી પ્રોફેસર ગૌરવ અને ડો. અરૂપ લાલ મળી થોડા દિવસો અગાઉ આવી કોઇ ટેક્નોલોજી વિકસાવવા માંગતા હતા.અમે આ એરોસોલ પ્રોજેક્ટ પર કામ કરવાનું શરૂ કર્યું. જો કે હાલ આવી કોઇ ટેક્નોલોજી ઇન્ડિયામાં વિકસાવવામાં આવી નથી એટલે અમારા માટે ટેક્નોલોજી વિકસાવવી એક મોટું ચેલેન્જ હતું. ઇન્ડિયન આર્મીના ચીફને આ પ્રોડક્ટ ગમી જતાં તેઓએ આઇ.આઇ.ટી. ગાંધીનગર સાથે એમ.ઓ.યુ. કર્યાં છે. જ્યારે આગ લાગે તે સમયે ઓન થઈ રૂમમાં ધુમાડો કરી આગ બુઝાવી દે છે. પરંતુ આ ધુમાડો એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી તેમજ નોન ટોક્સિક હોવાથી કોઈને કોઈ પ્રકારનું નુકસાન થતું નથી. - પ્રો. ચિન્મય ઘોરી, આઇ.આઇ.ટી. ગાંધીનગર



## રૂમ ટેમ્પરેચર વધતાં જ આપોઆપ ઓન થઈ જશે સ્માર્ટ ફાયર એક્સટિંગ્વિસર

આઇ.આઇ.ટી. ગાંધીનગર આ બાબતે ઇન્ડિયન આર્મી સાથે કોલોબેરેશન કરેલ છે. જે એમના માટે સ્માર્ટ ફાયર એ એક્સટિંગ્વિસર બનાવેલ છે. આ એક્સટિંગ્વિસર કોઇ ૫ કે ૧૦ કિલોનું વજન વાળુ નહીં માત્ર એક પરફ્યૂમની બોટલ જેટલું નાનું અને ગમે ત્યાં મૂકી અને લઈ જઈ શકાય એટલું સરળ છે. એમાં સેન્સર બેઝ્ડ ટેક્નોલોજી પણ ઇનબિલ્ટ કરવામાં આવેલ છે. જો રૂમ ટેમ્પરેટર ૭૫ ડિગ્રીથી ઉપર જાય તો આ ફાયર ક્સ્ટિગ્યૂશર આપો આપ ઓન થઈ રૂમમાં લાગેલી આગ પર કાબૂ મેળવશે.

**Title:** A big disaster can be avoided by the smart fire extinguisher similar to Perfume's Bottle
**Source:** Sandesh (City Life; Pg. no. 1)
**Date:** 17-02-2018